નિયામક,
અન્ન અને નાગરિક પુરવઠા કચેરી,
ગાંધીનગર

સત્યમેવ જયતે

બ્લોક નં.૧૪, ૬ઠ્ઠો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯૨૩૨-૫૧૧૭૦
E-Mail : dire-cs-fcs@gujarat.gov.in

---

<u>તાત્કાલિક/અગત્યનું</u>

નં.પીડીએસ/ખાંડતેલમીઠું/ફાળવણી/ખાંડ/૦૧/૨૦૨૪-૨૫/૨૩૪૯

તા:૨૪/૦૭/૨૦૨૪

પ્રતિ,

(૧) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી (તમામ),

(૨) નાયબ અન્ન નિયંત્રકશ્રી,
અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકની કચેરી,
લાલ દરવાજા, અમદાવાદ શહેર.

**વિષય: અંત્યોદય તથા બી.પી.એલ કાર્ડધારકોને ઑગષ્ટ-૨૦૨૪ ના માસમાં ખાંડના (તહેવાર નિમિત્તે વધારા સહિત) જથ્થાનું વિતરણ કરવા બાબત.**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત રાજ્યમાં અંત્યોદય કાર્ડધારકો પૈકી ૩-વ્યક્તિ સુધીની જનસંખ્યા ધરાવતા કાર્ડધારકોને કાર્ડદીઠ ૧-કિલો અને ૩થી વધુ જનસંખ્યા ધરાવતા કાર્ડધારકોને વ્યક્તિદીઠ ૩૫૦ ગ્રામ પ્રમાણે પ્રતિ કિલોના રૂ.૧૫/- નાં ભાવે જ્યારે બી.પી.એલ. કાર્ડધારકોને વ્યક્તિદીઠ ૩૫૦ ગ્રામ પ્રમાણે પ્રતિ કિલોના રૂ.૨૨/- નાં ભાવે ખાંડના જથ્થાનું વિતરણ કરવાના નિયત થયેલ વિતરણ પ્રમાણ અને વિતરણ ભાવ અનુસાર **ઑગષ્ટ-૨૪** ના માસની નિયમિત ખાંડના જથ્થાની ફાળવણી કરવાની થાય છે.

આ નિયમિત જથ્થાની ફાળવણી ઉપરાંત, અંત્યોદય કાર્ડધારકોને કાર્ડદીઠ ૧–કિલો પ્રમાણે પ્રતિ કિલો રૂ.૧૫/- ના ભાવે જ્યારે બી.પી.એલ. કાર્ડધારકોને કાર્ડદીઠ ૧ કિલો પ્રતિ કિલોના રૂ.૨૨/- ના ભાવે ઑગષ્ટ-૨૦૨૪ ના માસમાં આપના જિલ્લાના અંત્યોદય તથા બીપીએલ કાર્ડધારકોની **તા.૧૮/૦૭/૨૦૨૪**ની જિલ્લાવાર સ્થિતિના ઑનલાઈન કાર્ડ-જનસંખ્યા મુજબ **નિયમિત તેમજ તહેવારો**ની કુલ જરૂરિયાતના **૧૦૦%** પ્રમાણે જથ્થાનું વિતરણ કરવા જિલ્લાવાર ખાંડના જથ્થાની ફાળવણીનું પત્રક આ સાથે સામેલ રાખેલ છે.

આપના જિલ્લામાં વ્યાજબી ભાવના દુકાનદારોના લોગીન આઇ.ડી.માંથી સમયસર ચલણ જનરેટ થાય અને સમયસર ચલણના પૈસા ભરાઇ જાય તેમજ ડોરસ્ટેપ ડીલીવરી મારફત તમામ દુકાનો સુધી જથ્થો પહોંચી જાય તેની તકેદારી રાખવા તમામ મામલતદારશ્રી/ઝોનલ અધિકારીશ્રીઓને જરૂરી સ્પષ્ટ સુચના આપવા વિનંતી છે.

ખાંડનું વિતરણ વાજબી ભાવની દુકાનો દ્વારા અંત્યોદય તથા બીપીએલ કાર્ડધારકોને સમયસર શરૂ થઈ શકે તે માટે જિલ્લા/તાલુકા ગોડાઉન ખાતે ફાળવણી મુજબનો ગુણવત્તાયુક્ત પુરેપુરો જથ્થો

Scanned with OKEN Scanner

સમયમર્યાદામાં ઉપલબ્ધ થાય તે ગુ.રા.ના.પુ.નિગમએ નિશ્ચિત કરવાનું રહેશે તથા જિલ્લા પુરવઠા અધિકારીશ્રીએ નિગમ અને જિલ્લાતંત્ર વચ્ચે સંકલન રાખી સુદ્દઢ વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

વધુમાં, અંત્યોદય તથા બીપીએલ કાર્ડધારકોને ઉક્ત વિગતે નિયત થયેલ વિતરણ પ્રમાણ અને વેચાણ ભાવથી ખાંડના જથ્થાનું વિતરણ થાય અને જથ્થો અનધિકૃત રીતે વગે ન થાય તે બાબતે તકેદારી રાખવા તેમજ અત્રેથી કરેલ ફાળવણી ઓનલાઈન કાર્ડસંખ્યા અને જનસંખ્યા આધારિત સપ્રમાણ ફાળવણી કરેલ હોઈ તેમાં બિનજરૂરી ફેરફાર ન કરવા તથા અગાઉ આપેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા સંબંધિતોને જરૂરી સુચના આપવા વિનંતી છે.

**<u>બિડાણ</u> : ઑગષ્ટ-૨૦૨૪ ની નિયમિત તેમજ તહેવારોની ફાળવણીનું પત્રક**

**નિયામક**
**અન્ન અને નાગરિક પુરવઠા,**
**ગાંધીનગર**

**<u>નકલ રવાના:</u>**

(૧) મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગર તરફ ખાંડની માસિક જથ્થાની જરૂરિયાતના આધારે અગ્રતાના ધોરણે ગુણવત્તાયુક્ત જથ્થો ઉપલબ્ધ કરાવવા સંબંધિતોને જરૂરી સુચના આપવા સારૂ.

(૨) નાયબ સચિવશ્રી, (ક-શાખા) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) મેનેજરશ્રી (ખરીદી), ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગર તરફ જાણ તેમજ આપના તાબાની કચેરી તથા સંબંધિતોને સામેલ પત્રકની જિલ્લાવાર નિયમિત તેમજ તહેવારોની ૧૦૦% ફાળવણી ધ્યાને લઈ દુકાનદારો દ્વારા ચલણના પૈસા ભરાઇ ગયા બાદ સમયમર્યાદામાં ડોરસ્ટેપ ડીલીવરી મારફત તમામ દુકાનો સુધી જથ્થો પહોંચી જાય તેની તકેદારી રાખવાની સ્પષ્ટ સૂચના આપવાની કાર્યવાહી સારૂ.

(૪) આઈ.સી.ટી. ઓફિસરશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા NIC ના સંકલનમાં રહી માહે ઑગષ્ટ-૨૦૨૪ માસ માટે નિયમિત તેમજ તહેવારોની ૧૦૦% ફાળવણી મુજબની કાર્યવાહી કરવા સારૂ.

(૫) સીનીયર ટેક્નિકલ ઓફિસરશ્રી, NIC તરફ માહે ઑગષ્ટ-૨૪ માસ માટે ખાંડની ૧૦૦% ફાળવણી મુજબ ઓછામાં ઓછું ૦ તથા વધુમાં વધુ અત્રેથી કરેલ ખાંડની ૧૦૦% ફાળવણી મુજબ વાજબી ભાવના દુકાનદારો પોતાની જરૂરિયાત મુજબની ટકાવારી પ્રમાણે એક જ ચલણ ભરી શકે તેવો વિકલ્પ સિસ્ટમમાં ઉપલબ્ધ કરાવવા સારૂ. જૂલાઇ માસનો બચત જથ્થો તા.૧ ઑગષ્ટથી દુકાનદાર વિતરણ કરી શકે તેવી કાર્યવાહી થવા વિનંતી.

(૬) નાયબ નિયામકશ્રી, તપાસણી (હેડકવાર્ટર) શાખા/ બજેટ (સબસીડી) શાખા/ MIS શાખા/ વહીવટ શાખા/ પીડીએસ શાખા તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(૭) સિલેક્ટ ફાઇલ.

Scanned with OKEN Scanner

# MONTH AUGUST - 2024

## Monthly Allotment for Distribution of Sugar under BPL & AAY Scheme (Fig. in M.T.)

| Sr. No. | Name of District | BPL | | | | AAY | | | | | | | TOTAL REGULAR ALLOT-MENT (BPL + AAY) | TOTAL FESTIVAL ALLOT-MENT (BPL + AAY) | GRAND TOTAL (REGULAR + FESTIVAL) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | On line No. of BPL Card | On line No. of BPL Population | Regular @ 0.350 gram per head | Festival @ 1 Kg.per card | No. of AAY Cards (upto 3 persons) | Total No. of AAY Card | No. of population for AAY (above 3 persons) cards | Total No. of AAY Population | Regular (upto 3 person cards) @ 1 Kg. per card | Regular @ 0.350 gram per head (above 3 person cards) | Festival @ 1 Kg. per card | | | |
| 1 | AHEMDABAD | 68,642 | 3,73,310 | 130.66 | 68.64 | 9,392 | 24,922 | 86,445 | 1,06,814 | 9.39 | 30.26 | 24.92 | 170.31 | 93.56 | 263.87 |
| 2 | AHEMDABAD CITY | 64,463 | 3,80,276 | 133.10 | 64.46 | 7,659 | 21,432 | 79,493 | 96,651 | 7.66 | 27.82 | 21.43 | 168.58 | 85.90 | 254.47 |
| 3 | AMRELI | 67,501 | 3,43,502 | 120.23 | 67.50 | 8,720 | 22,234 | 74,615 | 93,192 | 8.72 | 26.12 | 22.23 | 155.06 | 89.74 | 244.80 |
| 4 | ANAND | 1,02,393 | 5,92,645 | 207.43 | 102.39 | 9,902 | 27,660 | 1,06,851 | 1,27,662 | 9.90 | 37.40 | 27.66 | 254.73 | 130.05 | 384.78 |
| 5 | ARVALLI | 79,493 | 4,31,497 | 151.02 | 79.49 | 8,700 | 22,274 | 76,624 | 95,227 | 8.70 | 26.82 | 22.27 | 186.54 | 101.77 | 288.31 |
| 6 | BANASKANTHA | 1,42,791 | 7,78,962 | 272.64 | 142.79 | 20,672 | 65,354 | 2,57,599 | 3,03,908 | 20.67 | 90.16 | 65.35 | 383.47 | 208.15 | 591.61 |
| 7 | BHARUCH | 88,447 | 5,07,625 | 177.67 | 88.45 | 6,804 | 19,371 | 78,321 | 92,675 | 6.80 | 27.41 | 19.37 | 211.89 | 107.82 | 319.70 |
| 8 | BHAVANAGAR | 90,098 | 5,33,400 | 186.69 | 90.10 | 8,721 | 23,451 | 88,458 | 1,06,699 | 8.72 | 30.96 | 23.45 | 226.37 | 113.55 | 339.92 |
| 9 | BOTAD | 23,111 | 1,23,910 | 43.37 | 23.11 | 2,308 | 6,934 | 26,743 | 31,575 | 2.31 | 9.36 | 6.93 | 55.04 | 30.05 | 85.08 |
| 10 | CHHOTA-UDEPUR | 55,898 | 3,47,368 | 121.58 | 55.90 | 3,767 | 16,852 | 86,936 | 95,616 | 3.77 | 30.43 | 16.85 | 155.77 | 72.75 | 228.52 |
| 11 | DAHOD | 98,456 | 6,04,339 | 211.52 | 98.46 | 12,864 | 70,748 | 3,67,642 | 3,99,073 | 12.86 | 128.67 | 70.75 | 353.06 | 169.20 | 522.26 |
| 12 | DANG | 28,868 | 1,61,924 | 56.67 | 28.87 | 1,599 | 4,841 | 19,618 | 22,977 | 1.60 | 6.87 | 4.84 | 65.14 | 33.71 | 98.85 |
| 13 | DEVBHUMI DWARKA | 14,355 | 68,505 | 23.98 | 14.36 | 2,450 | 5,415 | 15,705 | 20,850 | 2.45 | 5.50 | 5.42 | 31.92 | 19.77 | 51.69 |
| 14 | GANDHINAGAR | 40,626 | 2,35,580 | 82.45 | 40.63 | 3,762 | 10,620 | 41,964 | 49,730 | 3.76 | 14.69 | 10.62 | 100.90 | 51.25 | 152.15 |
| 15 | GIR-SOMNATH | 37,113 | 2,06,156 | 72.15 | 37.11 | 3,641 | 12,372 | 50,817 | 58,814 | 3.64 | 17.79 | 12.37 | 93.58 | 49.49 | 143.07 |
| 16 | JAMANAGAR | 29,107 | 1,37,033 | 47.96 | 29.11 | 6,782 | 11,714 | 25,295 | 38,871 | 6.78 | 8.85 | 11.71 | 63.60 | 40.82 | 104.42 |
| 17 | JUNAGADH | 53,184 | 2,38,735 | 83.56 | 53.18 | 7,239 | 15,373 | 42,218 | 57,216 | 7.24 | 14.78 | 15.37 | 105.57 | 68.56 | 174.13 |
| 18 | KHEDA | 93,438 | 5,73,797 | 200.83 | 93.44 | 9,345 | 31,802 | 1,41,750 | 1,61,871 | 9.35 | 49.61 | 31.80 | 259.79 | 125.24 | 385.03 |
| 19 | KUTCHH | 1,01,810 | 5,34,743 | 187.16 | 101.81 | 10,494 | 22,172 | 64,814 | 85,472 | 10.49 | 22.68 | 22.17 | 220.34 | 123.98 | 344.32 |
| 20 | MAHESANA | 50,192 | 2,59,296 | 90.75 | 50.19 | 4,881 | 12,173 | 40,812 | 50,896 | 4.88 | 14.28 | 12.17 | 109.92 | 62.37 | 172.28 |
| 21 | MAHISAGAR | 64,411 | 3,77,224 | 132.03 | 64.41 | 5,395 | 17,578 | 75,038 | 86,645 | 5.40 | 26.26 | 17.58 | 163.69 | 81.99 | 245.68 |
| 22 | MORBI | 21,223 | 1,03,996 | 36.40 | 21.22 | 2,324 | 6,200 | 21,955 | 26,926 | 2.32 | 7.68 | 6.20 | 46.41 | 27.42 | 73.83 |
| 23 | NARMADA | 43,104 | 2,30,728 | 80.75 | 43.10 | 7,634 | 25,810 | 1,09,735 | 1,26,840 | 7.63 | 38.41 | 25.81 | 126.80 | 68.91 | 195.71 |
| 24 | NAVSARI | 82,407 | 4,42,554 | 154.89 | 82.41 | 16,593 | 46,479 | 1,75,840 | 2,12,652 | 16.59 | 61.54 | 46.48 | 233.03 | 128.89 | 361.92 |
| 25 | PANCHMAHAL | 1,01,809 | 5,86,004 | 205.10 | 101.81 | 9,253 | 28,253 | 1,18,208 | 1,38,075 | 9.25 | 41.37 | 28.25 | 255.73 | 130.06 | 385.79 |
| 26 | PATAN | 70,408 | 3,78,807 | 132.58 | 70.41 | 7,536 | 20,452 | 72,650 | 88,996 | 7.54 | 25.43 | 20.45 | 165.55 | 90.86 | 256.41 |
| 27 | PORBANDAR | 24,828 | 1,12,487 | 39.37 | 24.83 | 3,779 | 7,633 | 20,160 | 28,258 | 3.78 | 7.06 | 7.63 | 50.21 | 32.46 | 82.67 |
| 28 | RAJKOT | 74,476 | 3,28,957 | 115.13 | 74.48 | 9,074 | 19,682 | 53,907 | 73,331 | 9.07 | 18.87 | 19.68 | 143.08 | 94.16 | 237.23 |
| 29 | SABARKANTHA | 1,06,126 | 5,73,292 | 200.65 | 106.13 | 10,635 | 25,953 | 86,430 | 1,08,666 | 10.64 | 30.25 | 25.95 | 241.54 | 132.08 | 373.62 |
| 30 | SURAT | 98,064 | 4,92,437 | 172.35 | 98.06 | 10,567 | 30,324 | 1,10,658 | 1,34,081 | 10.57 | 38.73 | 30.32 | 221.65 | 128.39 | 350.04 |
| 31 | SURENDRANAGAR | 62,257 | 2,91,686 | 102.09 | 62.26 | 7,995 | 18,284 | 54,465 | 71,693 | 8.00 | 19.06 | 18.28 | 129.15 | 80.54 | 209.69 |
| 32 | TAAPI | 65,506 | 3,24,797 | 113.68 | 65.51 | 11,407 | 30,920 | 1,08,180 | 1,33,020 | 11.41 | 37.86 | 30.92 | 162.95 | 96.43 | 259.37 |
| 33 | VADODARA | 86,003 | 4,84,538 | 169.59 | 86.00 | 9,438 | 26,574 | 1,02,719 | 1,22,938 | 9.44 | 35.95 | 26.57 | 214.98 | 112.58 | 327.55 |
| 34 | VALSAD | 81,482 | 4,62,945 | 162.03 | 81.48 | 7,014 | 24,003 | 1,04,014 | 1,19,442 | 7.01 | 36.40 | 24.00 | 205.45 | 105.49 | 310.93 |
| | Total ...... | 2312090 | 12623055 | 4418.07 | 2312.09 | 268346 | 775859 | 2986679 | 3567352 | 268.35 | 1045.34 | 775.86 | 5731.75 | 3087.95 | 8819.70 |
| Categorywise Total Allocation | | | BPL | 6730.16 | | AAY (Regular & Festival Separate) | | | | 1313.68 | | 775.86 | | | |
| | | | | | | AAY TOTAL (Regular + Festival) | | | | 2089.54 | | | | | |
| Grand Total (AAY & BPL) Regular & Festival | | | | | | 8819.70 | | | | | | | | | |

*Note : No. of Card and Population are as on 18/07/2024*

*Note : Figures calculated round-off against decimal point.*

Director,
Food & Civil Supplies,
Gandhinagar.

Scanned with OKEN Scanner